નાયબ પશુપાલન નિયામક, વર્ગ-૨ તા. ૨૦/૮/૦૬

પ્રશ્નપત્ર–૧

# FTN A

બેઠક નંબર :

પ્રશ્નપુસ્તિકા નંબર : 000157

SEAL
DO NOT OPEN BEFORE TIME

સમય : ૫૦ મિનિટ | કુલ પ્રશ્નો : ૧૦૦ | કુલ ગુણ : ૧૦૦

## -: ઉમેદવારોને સૂચના :-

(૦૧) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે. બધા પ્રશ્નોના જવાબ આપો. તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે તેની સંખ્યા ઉપર રહેશે.

(૦૨) ૧ થી ૧૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની **પ્રથમ ખાતરી કરી લો.** જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચુક બદલાવી લેવી.

(૦૩) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(૦૪) આ હેતુલક્ષી પરીક્ષા છે. તેમાં પાસ-નાપાસનું કોઈ ચોક્કસ ધોરણ નિયત કરવામાં આવેલું નથી. પરંતુ જગ્યાના પ્રમાણમાં રૂબરૂ મુલાકાત માટે બોલાવવાપાત્ર ઉમેદવારોની પસંદગી, આખરી પસંદગી કુલ ગુણના આધારે કરવામાં આવે છે. આથી આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહીં, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહીં.

(૦૫) આ કસોટીમાં ઉમેદવારોએ કેલ્ક્યુલેટર વાપરવાનું નથી.

(૦૬) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કૉમ્પ્યુટરાઈઝડ ખાસ પ્રકારની** જવાબવહી આપવામાં આવશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી (Blue) શાહીની પેન/બોલપેનથી લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહીં આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલનંબર (બેઠક નંબર), કેટેગરી, ક્વેશ્ચનબુકલેટ સીરીઝ અને ક્વેશ્ચન બુકલેટ નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત એચબી પેન્સીલથી જ વર્તુળ પૂરેપુરું કાળું કરીને (encode) આપવી.**

(૦૭) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C, D વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી, જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ A, B, C કે D ના વર્તુળને પૂરેપૂરું પેન્સીલથી કાળું કરવું. માત્ર એચબી -HB પેન્સીલનો જ ઉપયોગ કરવો. **કોઈપણ કલરની શાહી કે બોલપેનથી જવાબો આપ્યા હશે તો જવાબવહી તપાસવામાં આવશે નહીં અને આપોઆપ "શૂન્ય" ગુણ ગણવામાં આવશે.** જવાબ બદલવો હોય તો વર્તુળમાં પેન્સીલથી અંકિત કરેલ કાળા ભાગને રબ્બરથી ભૂંસી નાંખો. દરેક પ્રશ્નનો માત્ર એક જ જવાબ નીચે દર્શાવ્યા મુજબ વર્તુળને પેન્સીલથી કાળું કરી આપવો.

ઉદાહરણ તરીકે :

ભારતમાં સૌથી વધુ સાક્ષરતા આંક કયા પ્રાંતનો છે ?

(A) મીઝોરમ (B) કેરાલા

(C) ચંદીગઢ (D) લક્ષદ્વિપ.

જવાબવહી (Answer sheet)માં

Ⓐ
●
Ⓒ
Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં સાચો જવાબ 'B' છે. આથી 'B' નું વર્તુળ કાળું (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "કેરાલા" લખવું નહીં.

(૦૮) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહીં.

(૦૯) **આ જવાબવહી કૉમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહીં તેની ખાસ કાળજી રાખવી.** રફવર્ક તમને આપેલ કાગળ (Rough Work) ઉપર જ કરવું. જવાબવહી કે પ્રશ્નપુસ્તિકામાં કંઈપણ રફવર્ક કરવું નહીં. તથા **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે તેથી પ્રશ્નપુસ્તિકામાં કાંઈપણ લખવું નહીં.**

(૧૦) ખોટા જવાબ માટે કોઈ ગુણ આપવામાં આવશે નહીં.

(૧૧) પ્રશ્નપુસ્તિકાનાં કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(૧૨) **પરીક્ષાખંડ છોડતાં પૂર્વે જવાબવહી નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(૧૩) ઉપર્યુક્ત સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી આ પાનું ફેરવશો નહીં.**

**પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે તેથી પ્રશ્નપુસ્તિકામાં કાંઈપણ લખવું નહીં.**

# FTN

## સામાન્ય જ્ઞાન : પ્રશ્નપત્ર – 1

1 યુ. એસ. ઓપનને ધ્યાનમાં રાખીને સાનિયા મિર્ઝાએ કઈ વ્યક્તિની કોચ તરીકે વરણી કરી છે ?

(A) સત્યેન્દ્રનાથ (B) જોસ મારિયા

(C) જ્હોન ફેરિંગ્ટન (D) નરેન્દ્રનાથ

2 શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના હાલના કુલપતિ કોણ છે ?

(A) શ્રી પંકજ જાની (B) શ્રી ગિરીશ ઠાકર

(C) શ્રી કે. કા. શાસ્ત્રી (D) શ્રી બળવંત જાની

3 મયૂરાસન માટે શાહજહાંને મોટી રકમ ધીરનાર અમદાવાદના નગરશેઠ કોણ હતા ?

(A) અંબાલાલ સારાભાઈ (B) કસ્તુરભાઈ

(C) શાંતિદાસ ઝવેરી (D) અરવિંદભાઈ

4 બુકર પ્રાઈઝ વિજેતા ભારતીય મહિલા કોણ છે ?

(A) ઇન્દિરા ગાંધી (B) સોનિયાં ગાંધી

(C) આરતી સિંહા (D) અરૂંધતી રૉય

5 ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર કોણ હતા ?

(A) કુંદનલાલ ધોળકીયા (B) કલ્યાણજી મહેતા

(C) ગણેશ માવળંકર (D) ડૉ. જીવરાજ મહેતા

6 સૌથી વધુ વખત મિસ યુનિવર્સ કયા દેશની બની છે ?

(A) સ્વીડન (B) વેનેઝુએલા

(C) અમેરિકા (D) પ્યુઅર્ટોરિકો

7 ઇંગ્લિશ ચેનલ પાર કરી ગુજરાતના પ્રથમ સ્વીમર બનવાનું ગૌરવ કોને પ્રાપ્ત થયું છે ?

(A) સુફિયાન શેખ (B) અર્ચના પટેલ

(C) કમલેશ નાણાંવટી (D) દેવાંગ શાહ

8 પ્રાર્થનાસમાજની સ્થાપના કોણે કરી હતી ?

(A) ન્યાયમૂર્તિ રાનડે (B) ડૉ. કેશવચંદ્ર સેન

(C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) ડૉ. આત્મારામ પાંડુરંગ

9 ચાણક્યનું મૂળ નામ શું હતું ?

(A) કલ્હણ (B) ટોડરમલ

(C) વિક્રમાદિત્ય (D) વિષ્ણુગુપ્ત

10 કયો રાજવી 'પ્રિયદર્શી' તરીકે જાણીતો છે ?

(A) અશોક (B) ચંદ્રગુપ્ત

(C) હર્ષવર્ધન (D) શિવાજી

11 હમ્પીના અવશેષ કયા સામ્રાજ્યની યાદ અપાવે છે ?

(A) બિજાપુર (B) બિડર

(C) વિજયનગર (D) વરાડ

12 પ્લાસીનું યુદ્ધ કેટલા દિવસ લડાયું હતું ?

(A) 1 દિવસ (B) 11 દિવસ

(C) 21 દિવસ (D) 25 દિવસ

13 ભારતમાં બંગાળ પ્રાંતમાં પહેલવહેલી વસતી ગણતરી કોણે કરાવી હતી ?

(A) લૉર્ડ રિપન (B) લૉર્ડ મેયો

(C) લૉર્ડ કર્ઝન (D) લૉર્ડ ડેલહાઉસી

14 ગૌતમ બુદ્ધનું નિર્વાણ કયા સ્થળે થયું હતું ?

(A) કુંડગ્રામ (B) કુશીનારા

(C) પાવાપુરી (D) ગયા

15 બાંગ્લાદેશની ત્રણ બાજુએ ભારતનું કયું રાજ્ય આવેલું છે ?

(A) મેઘાલય (B) ત્રિપુરા

(C) પ. બંગાળ (D) નાગાલેન્ડ

16 નીચેનામાંથી કયું રાજ્ય આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતું નથી ?

(A) રાજસ્થાન (B) હરિયાણા

(C) બિહાર (D) ગુજરાત

17 બેલૂર મઠ ક્યાં આવેલો છે ?

(A) કલકત્તા નજીક (B) રામેશ્વર નજીક

(C) પૉંડીચેરીમાં (D) પણજી નજીક

18 નીચેનામાંથી કોને 'બગીચાઓનું શહેર' કહે છે ?

(A) ઉદયપુર (B) જયપુર

(C) ઉટી (D) પૂના

19 દક્ષિણ ભારતનું પવિત્ર સરોવર કયું છે ?

(A) પંપા (B) પુષ્કર

(C) નારાયણ (D) બિંદુ

20 કયો મહાસાગર સૌથી વિશાળ છે ?

(A) હિન્દ મહાસાગર (B) પ્રશાંત મહાસાગર

(C) ઍટલાન્ટિક મહાસાગર (D) આર્કટિક મહાસાગર

21 ભારતની 'તોફાની નદી' કઈ છે ?

(A) ગંગા (B) યમુના

(C) રાવી (D) બ્રહ્મપુત્રા

22 'સાઈલન્ટ વેલી' ક્યાં આવેલી છે ?

(A) ત્રિપુરા (B) મણિપુર

(C) કેરળ (D) મસૂરી

23 કયા દિવસથી ભારતના બંધારણનો અમલ શરૂ થયો ?

(A) 26 જાન્યુઆરી, 1949 (B) 26 જાન્યુઆરી, 1950

(C) 26 જાન્યુઆરી, 1951 (D) 15 ઑગસ્ટ, 1947

24 ભારતની રાષ્ટ્રીય મુદ્રા હેઠળ લખાતું 'સત્યમેવ જયતે' સૂત્ર શામાંથી લેવામાં આવ્યું છે ?

(A) ઋગ્વેદ (B) સામવેદ

(C) વૈવર્ત પુરાણ (D) મુંડક ઉપનિષદ

25 રાષ્ટ્રપતિને કોણ પદભ્રષ્ટ કરી શકે છે ?

(A) વડાપ્રધાન (B) લોકસભા

(C) સંસદ (D) સર્વોચ્ચ ન્યાયાધીશ

26 ભારતમાં આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) નાણામંત્રી (B) રાષ્ટ્રપતિ

(C) વડાપ્રધાન (D) આયોજન પ્રધાન

27 ભારતમાં 'લોક અદાલતો' નીચેનામાંથી કોનો વિષય છે ?

(A) કેન્દ્ર સરકારનો (B) રાજ્ય સરકારનો

(C) સ્થાનિક પંચાયતોનો (D) જિલ્લા પંચાયતનો

28 જિલ્લા ન્યાયાધીશોની નિમણૂક કોણ કરે છે ?

(A) મુખ્યપ્રધાન (B) કાયદાપ્રધાન

(C) રાજ્યપાલ (D) મુખ્ય ન્યાયમૂર્તિ

29 'અર્વાચીન યુગના અરૂણ' તથા 'ભારતીય રાષ્ટ્રવાદના પ્રવર્તક'નાં બિરુદો કયા મહાનુભાવને મળ્યા છે ?

(A) મહાત્મા ગાંધી (B) લોકમાન્ય ટિળક

(C) રવીન્દ્રનાથ ટાગોર (D) રાજા રામમોહન રાય

30 લંડનમાં કર્નલ વાઈલની હત્યા કયા ક્રાંતિવીરે કરી હતી ?

(A) મદનલાલ ધીંગરાએ (B) ભગતસિંહે

(C) શ્યામજી કૃષ્ણ વર્માએ (D) ખુદીરામ બોઝે

31 ગાંધીજીએ સૌપ્રથમ કયા સ્થળે સફળ સત્યાગ્રહ કર્યો ?

(A) ખેડા (B) ચંપારણ્ય

(C) અમદાવાદ (D) બારડોલી

32 કઈ લડત દરમ્યાન ગુજરાતમાં 'ગૂજરાત વિદ્યાપીઠ' સ્થપાઈ ?

(A) અસહકારની લડત (B) 'હિંદ છોડો' લડત

(C) બંગભંગની લડત (D) ખિલાફત આંદોલન

33 ગાંધીજીએ કયા દિવસે સાબરમતીથી દાંડી તરફ કૂચ આરંભી હતી ?

(A) 12 માર્ચ, 1930 (B) 14 માર્ચ, 1930

(C) 5 એપ્રિલ, 1930 (D) 6 એપ્રિલ, 1930

34 સુભાષચંદ્ર બોઝે રચેલી 'આઝાદ હિંદ ફોજ' બીજા કયા નામે ઓળખાય છે ?

(A) ફોરવર્ડ બ્લૉક (B) ઇન્ડિયન નૅશનલ આર્મી

(C) આરઝી હકૂમત (D) ઇન્ડિયન નૅશનલ આર્મી ફોર ઇન્ડિપેન્ડન્સ

35 નાણાકીય કટોકટી ભારતના બંધારણની કઈ કલમ નીચે દાખલ કરાય છે ?

(A) કલમ 366 (B) કલમ 352

(C) કલમ 360 (D) કલમ 362

36 આપણા દેશના રાષ્ટ્રચિહ્નમાં કેટલા સિંહો હોય છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

37 'જન ગણ મન' રાષ્ટ્રગીત કોણે લખ્યું છે ?

(A) બંકિમચંદ્ર ચેટરજી (B) રવીન્દ્રનાથ ટાગોર

(C) પંડિત રવિશંકર (D) જવાહરલાલ નહેરુ

38 1991માં શરૂ થયેલો રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સૌપ્રથમ કયા ખેલાડીને પ્રાપ્ત થયું હતું ?

(A) સચિન તેંડુલકર (B) ગીત શેઠી

(C) વિશ્વનાથન આનંદ (D) રાહુલ દ્રવિડ

39 'પારસીઓનું કાશી' તરીકે ગુજરાતનું કયું શહેર જાણીતું છે ?

(A) નવસારી (B) સંજાણ

(C) ઉદવાડા (D) નારગોલ

40 ગુજરાતના દરિયાકાંઠાની લંબાઈ કેટલી છે ?

(A) 2500 કિ.મી.થી વધુ (B) 2000 કિ.મી.થી વધુ

(C) 3000 કિ.મી.થી વધુ (D) 1600 કિ.મી.થી વધુ

41 સરહદના ગાંધી તરીકે જાણીતા થયેલા નેતાનું શું નામ હતું ?

(A) અબ્દુલ કલામ આઝાદ (B) ખાન અબ્દુલ ગફારખાન

(C) મહંમદ અલી ઝીણા (D) મૌલાના શૌકત અલી

42 સાતપુડા પર્વતનું ઊંચું શિખર કયું છે ?

(A) પારસનાથ (B) ધૂપગઢ

(C) ગોરખનાથ (D) ગુરુશિખર

43 ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા કોણ હતો ?

(A) કર્ણદેવ વાઘેલા (B) સારંગદેવ વાઘેલા

(C) અર્જુનદેવ વાઘેલા (D) કરણ વાઘેલા

44 અમદાવાદનું પ્રસિદ્ધ એવું કાંકરિયા તળાવ કયા સુલતાને બંધાવ્યું છે ?

(A) મહેમુદ બેગડાએ (B) કુતબુદ્દીન અહમદશાહે

(C) અહમદશાહ પહેલાએ (D) તાલ્યારખાને

45 વડોદરા રાજ્યના છેલ્લા મહારાજા કોણ હતા ?

(A) સયાજીરાવ ગાયકવાડ (B) ફતેસિંહ ગાયકવાડ

(C) પ્રતાપસિંહ ગાયકવાડ (D) આમાંનું એકપણ નહીં

46 શ્રીકૃષ્ણે કઈ નગરી વસાવી હતી ?

(A) મથુરા (B) દ્વારકા

(C) વૃંદાવન (D) ગોકુળ

47 કયા વાઈસરૉયને ભારતમાં 'સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પિતા' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) લૉર્ડ કર્ઝન (B) લૉર્ડ ડેલ્હાઉસી

(C) લૉર્ડ રિપન (D) લૉર્ડ વિલિયમ બેન્ટિક

48 ગુજરાતમાં કયા સમયગાળામાં 'સત્યાશિયો દુકાળ' પડ્યો હતો ?

(A) 1687 (B) 1687-90

(C) 1787 (D) 1630-32

49 ગુજરાતમાં કયા સત્યાગ્રહી 'ડુંગળી ચોર' નામે જાણીતા થયા હતા ?

(A) અંબાલાલ દેસાઈ (B) નરસિંહ પટેલ

(C) મોહનલાલ પંડ્યા (D) બેચરદાસ પંડિત

50 ગુજરાતના પ્રથમ રાજ્યપાલ કોણ હતા ?

(A) શ્રી શ્રીમન્નારાયણ (B) શ્રી કે. કે. વિશ્વનાથન

(C) શ્રી મહેંદી નવાઝ જંગ (D) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

51 ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ

(C) જામનગર (D) પાટણ

52 કડાણા બંધ કઈ નદી ઉપર બાંધવામાં આવ્યો છે ?

(A) વાત્રક (B) મેશ્વો

(C) મહી (D) સાબરમતી

53 કયા રસાયણના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરે છે ?

(A) સલ્ફ્યુરિક ઍસિડ (B) કોસ્ટિક સોડા

(C) નાઈટ્રિક ઍસિડ (D) સોડા એશ

54 ગુજરાતમાં સૌથી મોટો પુલ કઈ નદી પર છે ?

(A) સાબરમતી (B) મહી

(C) નર્મદા (D) તાપી

55 કર્ણાટકમાં આવેલી કોલરની ખાણો શાના માટે જાણીતી છે ?

(A) કોલસો (B) બોક્સાઈટ

(C) ગ્રેફાઈટ (D) સોનું

56 અમેરિકા ખંડનું 'અમેરિકા' નામ કયા ઈટાલીયન પ્રવાસીએ પાડ્યું ?

(A) કોલંબસ (B) કેબટ અમેરિગો

(C) અમેરિગો વેસ્પુસી (D) અમેરિગો મેગલન

57 જેરૂસલેમ કયા બે ધર્મોનું તીર્થધામ છે ?

(A) ઈસ્લામ અને યહૂદી (B) શિન્ટો અને તાઓ

(C) ઈસ્લામ અને ખ્રિસ્તી (D) જરથોસ્તી અને ખ્રિસ્તી

58 નેપોલિયનનું મૃત્યુ કયા સ્થળે થયું હતું ?

(A) એલ્બા ટાપુ (B) આંદામાન ટાપુ

(C) વોટર-લૂના મેદાનમાં (D) સેન્ટ હેલેના ટાપુ

59 જર્મનીનો 'લોખંડી પુરુષ' કોને કહે છે ?

(A) મેટરનિક (B) હિટલર

(C) મુસોલિની (D) બિસ્માર્ક

60 પાકિસ્તાન તેનો સ્વાતંત્ર્યદિન કઈ તારીખે ઉજવે છે ?

(A) 14 ઓગસ્ટ (B) 15 ઓગસ્ટ

(C) 13 ઓગસ્ટ (D) 16 ઓગસ્ટ

61 ઉત્તરધ્રુવ પર પહોંચનારી વિશ્વની પ્રથમ મહિલા કોણ હતી ?

(A) મારથા ગ્રેહામ (B) એન. બેનક્રોફ

(C) એક્વિનો (D) રઝિયા ઝૈદી

62 સહરા તથા અરબસ્તાનમાં થતાં ચક્રવાત શા નામે ઓળખાય છે ?

(A) ટાઈફૂન (B) હરિકેન

(C) ટોર્નેડો (D) સિમૂમ

63 દુનિયાનું સૌથી ઠંડું સ્થળ કયું છે ?

(A) જબેલ ટાબેલ (B) તહેરાન

(C) ક્વિટો (D) વર્ખોયાન્સ્ક

64 દુનિયાનું સૌથી મોટું ઉપવન 'વુડ બફેલો નેશનલ પાર્ક' ક્યાં આવેલો છે ?

(A) જાપાન (B) કેનેડા

(C) ચીન (D) દ. આફ્રિકા

65 કઈ નદીને 'ચાંદીની નદી' કહે છે ?

(A) લિમ્પોપો (B) રેડ

(C) લાપ્લાટા (D) સીન

66 ભારતના પ્રથમ ઉપગ્રહનું નામ શું છે ?

(A) ભાસ્કર (B) આર્યભટ્ટ

(C) રોહિણી (D) સ્પુટનિક

67 મેન્ડલે કયા છોડ પર જનીનવિદ્યાના પ્રયોગ કર્યા હતા ?

(A) બટેટા (B) વટાણા

(C) ટમેટાં (D) મગફળી

68 હોમિયોપેથીના સ્થાપક કોણ હતા ?

(A) હાનિમાન (B) હાર્વે

(C) બેન્ટિંગ (D) લૉર્ડ લિસ્ટર

69 વરસાદ માપવાના સાધનને શું કહેવામાં આવે છે ?

(A) વેરોમીટર (B) રેઈનોમીટર

(C) હાઈડ્રોમીટર (D) રેઈનોગેજ

70 સ્ટેઈનલેસ સ્ટીલના ઘટકો કયા છે ?

(A) લોખંડ, નિકલ, મૅંગેનિઝ (B) લોખંડ, નિકલ

(C) પોલાદ, ક્રોમિયમ (D) લોખંડ, નિકલ, ક્રોમિયમ

71 માનવશરીરના ઉષ્ણતામાનનું નિયમન કઈ અંતઃસ્રાવી ગ્રંથિ વડે થાય છે ?

(A) પિચ્યુટરી ગ્રંથિ (B) થાઈરોઈડ ગ્રંથિ

(C) એડ્રિનલ ગ્રંથિ (D) હાઈપોથેલેમસ ગ્રંથિ

72 હાડકાં અને દાંતમાં કયો રાસાયણિક પદાર્થ રહેલો છે ?

(A) કેલ્શિયમ સલ્ફેટ (B) કેલ્શિયમ બૉરેટ

(C) કેલ્શિયમ ફૉસ્ફેટ (D) કેલ્શિયમ ક્લૉરાઈડ

73 દૃષ્ટિ કેન્દ્ર ક્યાં આવેલું છે ?

(A) આંખમાં (B) મોટા મગજમાં

(C) નાના મગજમાં (D) આમાંનું એકપણ નહીં

74 સર્પગંધામાંથી શું મળી આવે છે ?

(A) ક્વિનાઈન (B) મોર્ફિન

(C) નિકોટીન (D) રિસર્પિન

75 નીચે પૈકી કયો બૉમ્બ સૌથી વધુ વિઘાતક છે ?

(A) અણુબૉમ્બ (B) હાઈડ્રોજન બૉમ્બ

(C) ન્યુટ્રોન બૉમ્બ (D) આમાંથી એકપણ નહીં

76 'જીવરામ ભટ્ટ' એ દલપતરામના કયા નાટકનું પાત્ર છે ?

(A) ભદ્રંભદ્ર (B) બારણે ટકોરા

(C) મિથ્યાભિમાન (D) રાઈનો પર્વત

77 'માનવીની ભવાઈ' નવલકથા કોણે લખી છે ?

(A) પન્નાલાલ પટેલ (B) ઈશ્વર પેટલીકર

(C) ઝવેરચંદ મેઘાણી (D) દર્શક

78 સંસ્કૃત નાટક 'મૃચ્છકટિક'ના લેખક કોણ છે ?

(A) વિશાખદત્ત (B) ભવભૂતિ

(C) શૂદ્રક (D) માઘ

79 સૌરાષ્ટ્રના કયા મહાનુભાવ 'મૂછાળી મા'થી જાણીતા છે ?

(A) જીવરામ જોષી (B) ગિજુભાઈ બધેકા

(C) સુરસિંહજી ગોહિલ (D) જયભિખ્ખુ

80 'આધુનિક યુગની મીરાં' કોને કહેવામાં આવે છે ?

(A) મહાદેવી વર્મા (B) અમૃતા પ્રીતમ

(C) ટોની મોરીસન (D) કુન્દનિકા કાપડિયા

81 પ્રથમ ગુજરાતી સામયિક કયું છે ?

(A) અભિયાન (B) રંગતરંગ

(C) જનકલ્યાણ (D) દાંડિયો

82 ગુજરાત રાજ્યના શહેરી વિકાસ મંત્રી કોણ છે ?

(A) ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (B) સૌરભ પટેલ

(C) આઈ. કે. જાડેજા (D) કૌશિક પટેલ

83 'જય જય ગરવી ગુજરાત' કાવ્યના રચયિતા કોણ છે ?

(A) નર્મદ (B) પ્રેમાનંદ

(C) દલપતરામ (D) ન્હાનાલાલ

84 બાસ્કેટબોલની એક ટુકડીમાં કેટલા ખેલાડીઓ હોય છે?

(A) 11 (B) 10

(C) 9 (D) 8

85 યુ. એસ. એ.ની રાષ્ટ્રીય રમત કઈ છે ?

(A) ફૂટબોલ (B) ટેનિસ

(C) બેઝબોલ (D) હોકી

86 'વન મોર ઓવર' આત્મકથા કયા ક્રિકેટરની છે ?

(A) બેદી (B) કપિલદેવ

(C) પટૌડી (D) પ્રસન્ના

87 વીસ કડિયા એક મકાન ચોવીસ દિવસમાં બાંધી શકે તો ત્રીસ કડિયાને મકાન બાંધતા કેટલા દિવસ લાગે ?

(A) 20 દિવસ (B) 16 દિવસ

(C) 12 દિવસ (D) 18 દિવસ

88 વર્લ્ડ બેન્કની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1947 (B) 1944

(C) 1946 (D) 1945

89 ઘડિયાળમાં કલાક 6-15 મિનિટ થઈ છે ત્યારે જો કલાકનો કાંટો પૂર્વ દિશામાં હોય તો મિનિટ કાંટો કઈ દિશામાં હશે ?

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ

90 સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા દર વર્ષે કેટલી વાર મળે છે ?

(A) એક વાર (B) બે વાર

(C) દર માસે (D) જ્યારે જરૂર ઊભી થાય

91 યુનેસ્કોનું મુખ્ય મથક કયું છે ?

(A) જિનીવા (B) લંડન

(C) ન્યૂયૉર્ક (D) પેરિસ

92 કઈ રકમનું 10 ટકા લેખે 10 વર્ષનું વ્યાજ રૂ. 10 થાય ?

(A) રૂ. 8 (B) રૂ. 10

(C) રૂ. 12 (D) રૂ. 20

93 36.358માં 5ની સ્થાનકિંમત કેટલી છે ?

(A) 5 (B) 0.5

(C) 0.05 (D) 0.005

94 ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનિઝેશન (ILO)ને નીચેનામાંથી કોની સાથે સંબંધ નથી ?

(A) મજૂર મનોરંજન (B) લઘુતમ વેતન

(C) બાળકલ્યાણ (D) સામાજિક સલામતી

95 1985માં SAARCની સ્થાપના કયા સ્થળે થઈ હતી ?

(A) દિલ્હી (B) ઢાકા

(C) ઈસ્લામાબાદ (D) કાઠમંડુ

96 'ભારતરત્ન'નો સર્વપ્રથમ ઍવોર્ડ કોને અપાયો હતો ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) ડૉ. ભગવાનદાસ

(C) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (D) શ્રી ગોવિંદવલ્લભ પંત

97 ધન્વંતરી ઍવોર્ડ કયા ક્ષેત્રનો ઍવોર્ડ છે ?

(A) આયુર્વેદ ચિકિત્સા ક્ષેત્ર (B) હોમિયોપેથી ચિકિત્સા ક્ષેત્ર

(C) એલોપથી ચિકિત્સા ક્ષેત્ર (D) કોઈ પણ ચિકિત્સા ક્ષેત્ર

98 નીચેનામાંથી કયો ઍવોર્ડ માનવહકો (Human Rights)ને સ્પર્શે છે ?

(A) રાજીવ ગાંધી ઍવોર્ડ (B) નેલ્સન મંડેલા ઍવોર્ડ

(C) માર્ટિન લ્યુથર કિંગ ઍવોર્ડ (D) રાજાજી ઍવોર્ડ

99 મૃણાલિની સારાભાઈ કયા નૃત્ય સાથે સંકળાયેલ છે ?

(A) મણિપુરી (B) ભરતનાટ્યમ્

(C) કથ્થક (D) કથકલી

100 તાજેતરમાં રમાયેલ 'ફિફા વર્લ્ડકપ' કયા દેશે જીત્યો ?

(A) ઇટાલી (B) ફ્રાંસ

(C) પોર્ટુગલ (D) જર્મની